સિંચાઇ યોજનાઓમાંથી પાણી આપવાની પદ્ધતિમાં
એકસૂત્રતા જાળવવા બાબત

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંક:સીએમઈ/૨૦૧૦/આઈબી-૨ /૨ /પી
સચિવાલય, ગાંધીનગર
તારીખ. ૧૮/૨/૨૦૧૦

રાજ્યની સિંચાઇ યોજનાઓમાંથી દરેક સિંચાઇ ઋતુ માટે પાણી આપવાનું થાય તે પહેલાં જે તે જળાશયમાં કેટલું પાણી ઉપલબ્ધ છે, તે સામે પિયત વિસ્તારની માંગણી અને Irrigation Intensity લક્ષમાં રાખીને પાણી આપવાની પદ્ધતિમાં એકસૂત્રતા જાળવવા સંબંધે માર્ગદર્શક સૂચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

રાજ્યના મહત્તમ વિસ્તારોને ઉત્તમ સિંચાઇ વ્યવસ્થાપન થકી સિંચાઇ હેઠળ આવરી લઇ શકાય તે હેતુથી સમગ્ર રાજ્યમાં પદ્ધતિસર, શિસ્તબદ્ધ રીતે , નિર્દેશ કરેલ સમય પત્રક પ્રમાણે પાણી અપાય અને તે માટે લોકોના પરામર્શમાં કામ થાય તે હેતુથી નીચે દર્શાવ્યા મુજબની માર્ગદર્શક સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૧) દર વર્ષની શરૂઆતમાં તેમજ દરેક રવિ અને ઉનાળું ઋતુની શરૂઆતમાં પાછલા વર્ષોના અનુભવને આધારે અગાઉથી નક્કી કરી લેવાનું રહેશે કે કેટલા વિસ્તારમાં પાણી આપી શકાશે.

૨) પ્રાપ્ય પાણીના જથ્થાને આધારે પાકને વધુમાં વધુ અનુકુળ આવે તે રીતે પાણીના રોટેશનો અને તેની વચ્ચેનો સમયગાળો નક્કી કરી લેવાનો રહેશે.

૩) પાછલા વર્ષોના અનુભવને આધારે સામાન્યત: મુખ્ય પાકો કયા કયા હોઇ શકે તે બાબત દરેક માઇનોર દીઠ નક્કી કરવાની રહેશે અને તે પ્રમાણે દરેક માઇનોર અને તેના આધારે દરેક ડીસ્ટ્રીબ્યુટરી અને મુખ્ય નહેર/ બ્રાન્ચ શાખા માટે પાણી આપવાનો અને તેને બંધ રાખવાનો સમયગાળો નક્કી કરી લેવાનો રહેશે.આ માટે પિયત વિસ્તારના ખેડૂતોનો દરેક સેકશન અધીકારીએ સંપર્ક કરવાનો રહેશે અને પાકની પદ્ધતિ તેમજ પાકના વિકાસના તબક્કા (growth stage) પ્રમાણે પાણી આપવાની જરૂરિયાત નક્કી કરી લેવાની રહેશે. આ સંબંધે કૃષિ યુનિવર્સિટીના અધીકારીશ્રીઓ તેમજ સંબંધિત જિલ્લાના કૃષિ અધીકારીશ્રી સાથે પરામર્શ કર્યા બાદ સમયપત્રક નક્કી કરવાનું યોગ્ય રહેશે.

૪) ઉપરની સૂચનાઓમાં જણાવ્યા મુજબના સમયપત્રક દરેક યોજનાની સિંચાઇ સલાહકાર સમિતિ સમક્ષ રજૂ કરીને આખરી કરવાનું રહેશે.

૫) આ રીતે આખરી કરવામાં આવેલ સમયપત્રક પ્રમાણે પાણી આપી શકાય તે માટે ગામે ગામ સિંચાઈકારોને ખ્યાલ આવે તે રીતે સમયપત્રક પ્રસિધ્ધ કરવાનું રહેશે. આ માટે પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયા મારફતે, દરેક ગામને ચોરે અને દરેક કચેરીમાં બહોળી પ્રસિદ્ધિ આપવાની રહેશે અને તે માટે જરૂરી માત્રામાં યોગ્ય જગાએ સંબંધિત સાહિત્ય વહેંચવાનું રહેશે.

આ બાબતે શિસ્ત જાળવવા માટે અને વધુમાં વધુ વિસ્તારને સિંચાઇ હેઠળ આવરી શકાય તે હેતુથી, પાણી આપવાનો અને પાણી બંધ કરવાનો સમયગાળાનું ચૂસ્તપણે પાલન થાય તેમજ અનિવાર્ય સંજોગો સિવાય રોટેશન લંબાવવાનું ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીની રહેશે.

૬) આપેલ સમયગાળામાં પૂરતું પાણી આપી શકાય તે માટે નહેરો પણ એટલી જ સમક્ષ હોવી જરુરી છે. આથી જે વિસ્તારોમાં નહેર સુધારણાની જરૂરિયાત હોય તે માટે વિભાગના અન્ય પરિપત્રોથી આપવામાં આવેલી સૂચનાઓને અનુસરીને સુધારણાનાં કામો હાથ પર લેવાંના રહેશે અને જ્યાં સુધી આવા સુધારણાના કામો પૂર્ણ થાય નહીં ત્યાં સુધી અનુભવ આધારિત સમયગાળો ઉપર જણાવેલ તમામ પદ્ધતિ અનુસરીને નક્કી કરવાનો રહેશે.

૭) જરૂરિયાત કરતાં પાણીની ઉપલબ્ધિ ઓછી હોય તેવા કિસ્સામાં અથવા ઉપર નક્કી કરેલા સમયગાળાની બહાર પાણીની જરૂરિયાત જણાય અથવા વધુ પાણીની જરૂરિયાત જણાય તો તેવા સંજોગોમાં સિંચાઇકારોએ પાણીની વ્યવસ્થા પોતાની રીતે કરી લેવાની રહેશે તે બાબત સિંચાઇકારોને સ્પષ્ટતા કરી દેવાની રહેશે.

૮) એકંદરે નિશ્ચિત સમયપત્રક મુજબ દરેક વિસ્તારને આવરી લઇ પાણી અપાય અને સંતોષપૂર્વકની કામગીરી થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

સિંચાઇ યોજનામાંથી પાણી આપવાની પદ્ધતિમાં એકસૂત્રતા જાળવવા માટે ઉપર દર્શાવેલ કાર્યવાહી સમયબધ્ધ રીતે કરવાની ઉક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા આથી સર્વે સંબંધીતોને જણાવવામાં આવે છે.

( વી.એન.પટેલ )
ઉપસચિવ(જળસંપત્તિ)
નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(જળસંપત્તિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- નર્મદા,જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગના સર્વે સચિવશ્રીઓ /સર્વે મુખ્ય ઈજનેરશ્રી/ સર્વે ખાસફરજ પરના અધીકારીશ્રીઓ / સર્વે ઉપસચિવશ્રીઓ(તાંત્રીક), સર્વે તાંત્રિક અધીકારીશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
- નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ.

  *(તેમના નિયંત્રણ હેઠળના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓને લેખિત સૂચના પાઠવીને આ ઠરાવમાં દર્શાવેલ સઘળી સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા સારૂ)*
- સર્વે કલેક્ટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધીકારીશ્રીઓ. (જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે)
- **સર્વે જિલ્લા ખેતીવાડી અધીકારીશ્રી**
- નાયબ સચિવશ્રી (વસૂલાત), નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા, "વાલ્મી" ,આણંદ.
- નર્મદા, જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગની સર્વે તાંત્રિક શાખાઓ.
- નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ.
- મુખ્ય માહિતી અધીકારીશ્રી, નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય ગાંધીનગર.

  *(આ વિભાગની વેબસાઇટમાં આ ઠરાવ મુકવાની ત્વરિત કાર્યવાહી કરવા સારૂ)*
- સિલેક્ટ ફાઇલ.